**ક્રિમીનલ કેસ નં.            /**

૧. હાલનું કામ વંચાણે લીધુ. હાલના કામે વિદ્વાન એ.પી.પી.શ્રી દ્વારા કેસ પરત ખેંચવા પરવાનગી માંગેલ છે. જે વિડ્રો પુરષીશ તથા તેમાં જણાવેલ મહે.કલેક્ટરશ્રી, સુરત, નો પત્ર વંચાણે લીધો. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૨૧ ની જોગવાઈ વંચાણે લીધી. હાલના કામે વિદ્વાન એ.પી.પી.શ્રી મહે.કલેક્ટરશ્રીના હુકમ મુજબ હાલનો કેસ પરત ખેંચવા માંગતા હોઈ, કેસના સંજોગો ધ્યાને લઈ પરવાનગી આપવામાં આવેલ છે. જેથી હાલનો કેસ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૨૧ અન્વયે ફેસલ કરવા હુકમ કરવામાં આવે છે. આરોપીને બિનતહોમત છોડી મુકવા હુકમ કરવામાં આવે છે.

૨. આ કામે કબજે કરેલ મુધ્દામાલ અંગે વચગાળાનો હુકમ કાયમ કરવામાં આવે છે, વિકલ્પે હુકમ કરવામાં આવેલ ન હોય તો નાશ થવાપાત્ર મુધ્દામાલનો નાશ કરવા તેમજ અન્ય મુધ્દામાલ જાહેર હરાજીથી વેચાણ કરી ઉપજેલ રકમ સરકાર ખાલસા કરવા હુકમ કરવામાં આવે છે.

૩. આથી, વધુમાં એવો પણ હુકમ કરવામાં આવે છે કે હાલનો કેસ આરોપીઓ નહી મળી આવવાથી પરત ખેંચતા હોય, ભવિષ્યમાં ફરિયાદપક્ષ આરોપીઓને શોધી પકડી રજુ કરે તે સંજોગોમાં ફરિયાદપક્ષને કેસ ફરિ–ચલાવવા માટે યોગ્ય પરવાનગી આપવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૩મી, માહે મે, વર્ષ ૨૦૨૩, ના રોજ લોક અદાલતની સ્પેશીયલ સીટીંગમાં જાહેર કર્યો.

**સ્થળ : સુરત** **આકાર લલિતકુમાર ત્રિવેદી**
**તારીખ: ૧૩.૦૫.૨૦૨૩** **પમા, જે.એમ.એફ.સી., સુરત**